સાલ : ૧૫ / સિલસિલાવાર નંબર : ૧૩૯ / શુમારો : ૧ 	કુલ પાના - ૧૬

# مِشْكٰوةُ الْهَادِي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. 	મોહર્રમુલ હરામ-સફરૂલ મુઝફ્ફર ૧૪૩૯ / ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૭

## શહીદે આઅઝમ, જિગર ગોશએ શૈખ આદમ, ૨૯ માં દાઈએ અલવી સૈ. વ મૌ. અલી શમ્સુદ્દીન બિન સૈ. ઈબ્રાહીમ સાહેબ (આ.કુ.) અને દરબારે મુગલ

### આપનો હક્ક અને ઝમાનાનો ઝુલ્મ :

છઠ્ઠી, સાતમી અને આઠમી સદી હિજરીમાં ગુજરાત ઈલાકામાં પાટણ, સિધ્ધપુર, ખંભાત અને તેના ઈર્દ-ગિર્દના હિસ્સાઓ દાઅવતે હાદીયહનું મરકઝ રહ્યા બાદ, મૌલાઈઓની બેહદ ખિદમત બાદ, નવમી, દસમી અને અગિયારમી સદી હિજરીમાં તે મરકઝ સૈ. આદમ શુજાઉદ્દીન બિન સુલેમાન (રિ.અ.) ના હાથ પર અહમદાબાદમાં મુન્તકલ થયું. આ ત્રણ સદીઓ દૌરાન અલગ-અલગ વક્તમાં બોહરા કૌમ પર ઝુલ્મ ગુઝારનાર ત્રણ કિરદાર હતા, ૧) અહમદશાહ, ૨) જાઅફર પટણી નહેરવાલી અને ૩) મુગલીયહ ગવર્નરો. નાઝુકમાં નાઝૂક વક્તથી ગુઝરનાર અપના ૨૮માં દાઈ સૈ. શૈખ આદમ સફીયુદ્દીન બિન સૈ. તૈયેબશાહ (આ.કુ.) અને ૨૯માં દાઈ સૈ. અલી શમ્સુદ્દીન બિન સૈ. ઈબ્રાહીમ શહીદે આઅઝમ (આ.કુ.) હતા. **હિજરી ૧૦૦૦-૧૦૫૦ તકનો વક્ત અપના મુમેનીન વાસ્તે સખ્તમાં સખ્ત ઈમ્તેહાનનો હતો.** સુલેમાનને માનનાર સુલેમાની ફિરકો અને તૈયેબજીને માનનાર દાઉદી ફિરકો તાઝો-તાઝો અપની જમાઅતથી અલગ થયો હતો અને આ બેવે ફિરકા તરફથી અપના દાઈ પર શદીદમાં શદીદ ઝુલ્મ કરવામાં આવતા હતા. આ ઝુલ્મની ઈમ્તેહાની ઝિક્ર ૩૧માં દાઈ સૈ. બદરૂદ્દીન સાહેબ (આ.કુ.) આપના દીવાને હસન કિતાબમાં અરબીના અશ્આરમાં કરે છે.

**અશરહ મુબારકહના અય્યામે આહોઝારીની ફુયૂઝાતે હુસૈનીયહ સાથે મુશ્ફેકીન કારેઈનને ૧૪૩૯ હિ. નું સાલે નૌ મુબારક થાય. હુઝૂરેપુરનૂર વાલિદુલ મુત્તકીન (ત.ઉ.શ.), આ નવા સાલની ઈબ્તેદા સાથે મુમેનીન વાસ્તે ફલાહો બહેબૂદી અને રિઝકમાં કુશાદગીની દોઆએ ખૈર ફરમાવે છે.**

સૈ. અલી સાહેબ પર આપના દાદાજી સાહેબ સૈ. સફીયુદ્દીન સાહેબે દાઅવતના સેંકડો સાહેબો દરમિયાન રજબ મહીનામાં ત્રણ વક્ત નસ્સે જલી ફરમાવી અને આપ ૭ રજબ ૧૦૩૦ હિ. ના દિન ઈન્તેકાલ ફરમાવી ગયા. તે પહેલા, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ જે મુજબ બેશુમાર ઈશારા મૌલાના અલી (અ.સ.) વાસ્તે પોતાના જાઁનશીન હોવાના કીધા હતા, તે મુજબ સૈ. સફીયુદ્દીન સાહેબે આપની ૯ સાલ દાઅવતની મુદ્દતને દૌરાન દાઅવતની, કુતુબખાનાની, મદ્રસાની, હુદૂદને પઢાવવાની તમામ ખિદમત સૈ. અલી સાહેબને સોંપીને એમ ઝાહિર કરી જ દીધું હતું કે, આપના બાદ **સૈ. અલી સાહેબ જ હિંદ, સિંધ અને યમનની દાઅવતના ૨૯માં તાજદાર બનશે**, કુલ મુમેનીનના કિબ્લા-કાઅબા બનશે.

### હક્ક અને બાતિલના લોગોના હાલાત :

સૈ. અલી સાહેબની નસ્સ પર પાકું અને પુખ્તા યકીન રાખનાર, કામિલ ઈમાન રાખનાર કે, જેઓનો દુનિયાદારી, દૌલતપરસ્તી અને ઓહદાતલબી સાથે ઝર્રા બરાબર પણ તઅલ્લુક ન હતો, તેઓ એમના આખિરી દમ તક આપ મૌલાના મુખ્લિસ મુમિન બનીને રહ્યા. આપના હામી અને મદદગાર બનીને રહ્યા. દાઈ અને જમાઅતના મુહાફિઝ અને મુજાહિદ બનીને રહ્યા. એવા પણ લોગો હતા, જેની તાઅદાદ ઘણી હતી, આપ મૌલાની હક્કાનીયતથી વાકિફ હતા, આપ પર થયેલી (બકીયાહ પેજ નં. ૨ પર)

**રિશ્તેદારો સાથે તઅલ્લુક રાખનાર શખ્સ સમાજના રૂએ સેહતમંદ છે.**

(પેજ નં. ૧ નું બાકી)

નસ્સને જાણતા હતા, પણ તૈયેબજીના ઝુલ્મ, ખૌફ અને મારપીટથી આ મુઝબઝબ લોગો ફિરી ગયા. ઈમાનને આપીને કુફ્રને ખરીદી લીધું. હક્કના દાઈનું નૂરાની મદીનું છોડીને અંધારા જંગલમાં ચાલા ગયા.

દૌલત અને લાલચના બલ પર હઝારો લોગોને તૈયેબજી અને તેના ગિરોહએ ગુમ્રાહ કરી દીધા. સૈ. અલી સાહેબ સાથે આપના ૨૭ જાઁબાઝ સિપાહીઓ ચુનંદા મુમેનીનની મુખ્તસર જમાઅત હતી. સૈ. સફીયુદ્દીન સાહેબ જે જગા પર દફન થયા ત્યાં નઝદીકમાં એક નાની મસ્જિદ હતી જ્યાં સૈ. અલી સાહેબ મુમેનીનને નમાઝ પઢાવતા હતા, **હક્ક-સચ્ચાઈ-સબર-શુક્રની નસીહત ફરમાવતા હતા** અને હરરોઝ આપના દાદાજી સાહેબના રોઝહ મુબારેકહ પર જઈને હક્કના મુમેનીન વાસ્તે દોઆ ગુઝારતા હતા. આપ આપના મુમેનીનથી બિલકુલ મુત્મઈન હતા. હક્કની દાઅવતનો ચિરાગ આપના હાથમાં હતો અને ખુદ હક્કતઆલા તેના મુહાફિઝ હતા. આપ અને આપના મુમેનીન નસ્સની સચ્ચાઈ જાણતા હતા મગર આપનો સાથ છોડીને પલટી જાનારઓ પણ જાણતા હતા કે, આપ જ હક્કના દાઈ છો. પણ ડર, લાલચ અને લાચારીના સબબ તૈયેબજીને છોડી શકતા ન હતા.

## દાઈ અને દરજો :

દાઈ ખુદ પોતાના મુખ્તાર હોય, દાઅવતના માલિક હોય, રૂહાની આલમ સાથે તઅલ્લુક હોય, ઈમામુઝઝમાન (અ.સ.) ની તાઈદ હોય તો તે પોતાની સચ્ચાઈ સાબિત કરવા અને પોતે દાઈ છે એમ ઈઝહાર કરવા દુનિયાવી બાદશાહના દરબારમાં શું કામ જાય? મુખ્તસર મુમેનીનમાં આપની દાઅવત કાઈમ હતી, જે કંઈ હતું તેમાં આપ રઝામંદ હતા, હક્ક આપના સાથે હતો અને દુનિયાની કોઈ ચીઝ હતી જ નહીં કે, તેને ખોઇ દેવાનો આપને ડર હોય. નસ્સ વાસ્તે હક્કના દાઈ બીજા ગૈરના દર પર દાદ-ફરીયાદ લઈને જાય તે નામુમ્કિન છે, યા દાઈ પોતાનો હક્ક સાબિત કરવા હુજ્જતો-દલીલો સાથે લોગો દરમિયાન આવે તે પણ બજા નથી. **સૈ. સફીયુદ્દીન સાહેબે દાઅવતે હક્કની જે ઝિમ્મેદારી સૈ. અલી સાહેબને સિપુર્દ કીધેલી હતી તે આપ બિલાખૌફ નિભાવી રહ્યા હતા.** દૂરો દરાઝ ઈલાકાઓમાં રહેતા મુમેનીન કે જેઓએ સૈ. અલી સાહેબની જલાલ-કરામત આપના દાદજી સાહેબના દૌરમાં જોઈ હતી, તેઓને જે વક્ત તૈયેબજીના દાઅવાની ખબર પડી તો તેઓ મખ્ફીમાં સૈ. અલી સાહેબની હઝરતમાં પૈશ થઈને આપની નસ્સને દિલો ઝમીરથી કુબૂલ કરીને મીસાક-બયઅત અરઝ કરી ગયા હતા.

## દુશ્મનોની ચાલબાઝી :

જે ફસાદદાર અને ફિત્નાપરવર ગિરોહ તૈયેબજીની સરપરસ્તીમાં હતો તે ઝમાનો ગુઝરતા વગદાર, ખૂંખાર અને દૌલતમંદ થાતો ગયો. તૈયેબજી બાદ આ ગિરોહના રઈસે ૧૦૬૫ હિ. માં અહમદાબાદ છોડી દીધું. હિન્દુસ્તાનના બીજા ઈલાકાઓમાં પોતાના ફિરકાનું મરકઝ બનાવી દીધું. ૧૧૧૦ હિ. માં અપના દોઆતે હક્કએ વડોદરાને સૈ. ઝિયાઉદ્દીન સાહેબના હાથ પર મરકઝ બનાવી દીધું. વક્ત ગુઝરતા તે ગુમ્રાહ ફિરકામાં નસ્સ બાબત બીજા ફિરકાઓ થાતા ગયા મગર તેઓએ સૈ. અલી સાહેબને અને આપની દાઅવતમાં માનનાર મુમેનીનને બદનામ કરવાનો કોઈ મૌકો હાથથી ન છોડો. વક્તન-ફ-વક્તન તેઓના બયાનોમાં અને કિતાબોમાં સૈ. અલી સાહેબ બાબત કીચડ ઉછાલતા રહ્યા અને ગાલી-ગલોચ, બદકલામી અને લાઅનત કરતા રહ્યા. ખાસ કરીને તેઓના ૪૩માં અને ૫૧માં રઈસના ઝમાનામાં આપ મૌલાની નસ્સ વાસ્તે ગલત-સલત, બેબુનિયાદ બયાન એક નાપાક સાઝિશના માતહત લખાવવામાં આવા. તેના લોગોના દિલોમાં અપના દોઆતો વાસ્તે ઝહેર અને દુશ્મની ભરવામાં આવી. આ ફરૈબના બિલકુલ બરઅક્સ **અપના દોઆત, સૈ. અલી સાહેબની સાદગી, સચ્ચાઈ, સીરત અને સૂરતમાં માનનાર હતા.** મકરબાઝી, જૂઠ, બનાવટ, કત્લ, પેંતરા, ચાલસાઝી અને ગદ્દારીથી દૂર હતા. અપની જમાઅત તે વક્તમાં વડોદરા તક મહેદૂદ હતી અને અપના સાદા ઝહેન મુમેનીન બાહરી દુનિયાના મુઆમેલાતના રાબેતામાં ઘણા કમ હતા.

(બકીયાહ પેજ નં. ૩ પર)

**હર કામને તેના હક્ક મુજબ કરનાર શખ્સ વહેવારના રૂએ સેહતમંદ છે.**

(પેજ નં. ૨ નું બાકી)

દુનિયામાં અકસરીયત-મેજોરીટી રાખનાર લોગો અકલીયત-માઈનોરીટી પર ગલબો કરે છે. લેહાઝા, અપના ખિલાફના લોગો અપના પર મુતગલ્લિબ બના. પોતાના મકર અને ફરેબથી કિતાબો શાયેઅ કરીને સૈ. અલી સાહેબ અને આપના ઝમાના ના સાચા હાલાત અને વાકેઆતને દુનિયાની નઝરથી છુપાવતા રહ્યા. **દુનિયાની મિલકીયત, સરવત, દૌલત, તાઅદાદ, તાકત, રસાઈ અને રૂશ્વતના સબબ બેખબર લોગોમાં જતાવતા રહ્યા કે પોતે સાચા છે.** આજની તારીખની કિતાબોમાં સૈ. અલી સાહેબ અને આપની નસ્સના સિલસિલામાં જે કઈ છાપવામાં આવું છે તે તમામ ગલત છે, બયાનમાં બનાવટ છે, જૂઠા કિસ્સા અને વાકેઆત છે. બે સદી પહેલા સૂરતમાં આ મુતગલ્લિબ તૈયેબજીના ગિરોહ તરફથી જે ઝહેર સૈ. અલી સાહેબને ખિલાફ ઓકવામાં આવું હતું તેના રેલા આજ તક મોર્ડન તારીખી કિતાબોમાં નઝર આવે છે.

## મુગલ કોર્ટનો બનાવટી કિસ્સો :

આ બનાવટી બયાનોમાંથી એક વાકેઓ એ છે કે, સૈ. અલી સાહેબ ખુદ દાઈ હોવાનો હક્ક સાબિત કરવા અને તૈયેબજીને ખિલાફ શિકાયત કરવા અહમદાબાદથી લાહોર મુગલ સુલતાન જહાઁગીરના દરબારમાં ગયા હતા. પછી જહાઁગીરે તૈયેબજીને બોલાવો અને બેવે ગિરોહનું સાંભલું. તે બાદ તૈયેબજીને તરફી ફેંસલો આપો અને સૈ. અલી સાહેબને કહ્યું કે, તમને તૈયેબજીને માનવા પડશે. અહમદાબાદ આવીને નઅઊઝો-બિલ્લાહ આપ મૌલાએ વાઅદો તોડી નાખો અને નવો ફિરકો બનાવો.

તારીખમાં સૈ. અલી સાહેબની દાઅવતની ૧૬ સાલની મુદ્દતમાં આ તરહનો કોઈ કિસ્સો બનો જ નથી. આપ કોઈ મુગલીયહ દરબારમાં ગયા જ નથી. આ તરહનો મનઘડીત અને ઈલ્ઝામતરાશ કિસ્સો આપના દુશ્મનોએ સેંકડો સાલ પહેલા ઘડેલો હતો જે આજના તારીખનવીસ-ઈતિહાસકારો બિલા કોઈ તફતીશ કે પૂછપરછ આગલી કિતાબોમાંથી આઁખો મીચીને નકલ કરી રહ્યા છે. **હવે ચુપ રહેવાનો વક્ત નથી.** હાલમાં સૈ. અલી સાહેબના દુશ્મનોના ફિરકામાં નસ્સનો ઝઘડો ઊભો થયો, મારપીટ થઈ, તલાકો થઈ, બરાત થઈ, તે કોર્ટમાં પોતાનો કક્કો સાબિત કરવા સૈ. અલી સાહેબની નસ્સના ખોટા કિસ્સાને ઘસીટી રહ્યા છે અને આપ મૌલાને ઈન્ટરનેટ અને મીડિયાના ઝરીએ બદનામ કરી રહ્યા છે.

## અહમદાબાદમાં દાઅવતના નિઝામ અને સૈ. અલી સાહેબ :

અગર આપ લાહોર ગયા જ નથી તો પછી એવું તો શું બનું છે કે, દુશ્મનો સૈ. અલી સાહેબના આ કિસ્સાને અપની અલવી જમાઅતની ઈઝઝત પર વાર કરવા બેરોકટોક ઈસ્તેમાલ કરી રહ્યા છે. અય કારેઈન! તારીખની કિતાબના વરકો અપને પલટાવીએ તો અપને અંદાઝો આવશે કે, દાઅવતે હક્કની કિતાબોના ખઝાનામાં બે ઝરીઆ એવા છે કે, જેનાથી અપને માઅલૂમ પડે છે કે, આપ મૌલાના વક્તમાં અહમદાબાદમાં શું ગુઝરૂં હશે! એક તો આપની **નસ્સની કિતાબ** છે અને બીજું ૩૧માં દાઈ સૈ. હસન બદરૂદ્દીન સાહેબનું **દીવાને હસન** છે. ૨૭માં દાઈ સૈયેદના દાઉદજી બિન કુતુબશાહ જે વક્ત ૯૯૭ હિ. માં મસ્નદે તૈયેબી પર જલ્વાઅફરોઝ થયા, તે વક્ત સૈ. સફીયુદ્દીન સાહેબ આપના પોતા સૈ. અલી સાહેબને વડોદરાથી અહમદાબાદ તાઅલીમો તરબીયત વાસ્તે લઈને પધારા. સૈ. ઈબ્ને કુતુબશાહ આપના ચહેરાને જોઈને ઘણા જ ખુશ થયા અને કહ્યું કે, “અય શૈખ આદમ! આ તમારો પોતો તમારી આઁખોની રોશની બનશે અને ખૂબ ઊંચા દરજા પર જાશે. તમેં યહાઁ જ આ દિકરાની તાઅલીમની તૈયારી કરો.”

તે વક્તથી સૈ. અલી સાહેબ આપના દાદા સૈ. સફીયુદ્દીન સાહેબ સાથે અહમદાબાદમાં રહેવા લાગા અને આપની અવર-જવર સૈ. ઈબ્ને કુતુબશાહની દેવડી પર વધી ગઈ. જે તરહ આપના દાદાજી દાઅવતે હક્કની હિફાઝત વાસ્તે માઝૂનના દરજા પર રહીને મહેનત મશક્કત કરતા હતા, તે તમામ માજરો આપના નઝરો નઝર બનતો હતો. દાઅવતના હર નાનામાં નાના ઊમૂરથી આપ બચપણાથી જ માહિતગાર હતા. આપની સોહબત અકસર કરીને ત્રણ સાહેબો સાથે રહેતી હતી.

(બકીયાહ પેજ નં. ૪ પર)

**ખુદાને ખુદા મુજબ અને મખ્લૂકને મખ્લૂક મુજબ પહેચાનનાર શખ્સ દીનના રૂએ સેહતમંદ છે.**

(પેજ નં. ૩ નું બાકી)

**માઝૂન સૈ. અલી મોહંમદ બિન ફિરોઝ, મુકાસિર સૈ. અમીનજી બિન જલાલ અને આપના કાકા સૈ. તૈયેબ ઝકીયુદ્દીન સાહેબ.** સૈ. સફીયુદ્દીન સાહેબ જે વક્ત ૧૦૨૧ હિ. માં દાઈએ મુત્લકના દરજા પર આવા તે વક્ત દાઅવતના કુતુબખાનાની, મદ્રસાની, હુદૂદોને પઢાવવાની કુલ્લી ઝિમ્મેદારી આપની હતી. આપ આપના દાદાના નઝદીક સાયા જેમ રહેતા હતા. માઝૂન સૈ. અલી મોહંમદના ઈન્તેકાલ બાદ આપ માઝૂને મુત્લકના મન્સબ પર ફાઈઝ થયા. આપની દાઈએ હક્ક સાથેની કુરબત અને હુદૂદ-ફોઝલામાં આપની ઈઝઝત, આપના દુશ્મનો તૈયેબજી અને તેના ખુશામદી લોગોથી જોવાતી ન હતી. **સૈ. સફીયુદ્દીન સાહેબ તૈયેબજીના ફિત્નાને અને બગાવતને તેના બાવાજીના વક્તથી જ જાણતા હતા.** સૈ. સફીયુદ્દીન સાહેબના રોઅબના સબબ આ તૈયેબજી સૈ. અલી સાહેબને ખિલાફ ખુલ્લી રીતે કઈ કરી શકતો ન હતો. મગર તેના જિસ્મના હર ઝર્રામાં અદાવતે અલી ભરેલી હતી. બગાવતની આગ દબાવીને રાખી હતી.

## ઈન્તેકાલે સૈ. સફીયુદ્દીન સાહેબ :

સૈ. સફીયુદ્દીન સાહેબના ૧૦૩૦ હિ. માં ઈન્તેકાલ બાદ તૈયેબજીને સૈ. અલી સાહેબને ખિલાફ દાઅવાનો કાલો ઝંડો ઉપાડવાનું ખુલ્લું મૈદાન મિલી ગયું. આપના ઈન્તેકાલને વક્ત, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના વક્ત જેમ અલીએ આઅલા (અ.સ.) જ કફન-દફન અને કબરને નઝદીક હાઝિર હતા, તેમ આપ મૌલા આપના દાદાજીની જનાઝાની નમાઝ અને કફન-દફનમાં મુકદ્દમ હતા અને તૈયેબજી પોતાના મકરબાઝ સાથીઓ સાથે આપના ખિલાફ સાઝિશ રચવામાં મશ્ગૂલ હતો. વસીયત મુતાબિક સૈ. સફીયુદ્દીન સાહેબને આપની મસ્જિદને કરીબ આપના કબીલાની જગામાં દફન કરવામાં આવા. **સૈ. અલી સાહેબે આપના મુખ્લિસ મુમેનીન સાથે ૪૦ અય્યામ તક ખત્મુલ કુરઆન અને સદકલ્લાહ પઢી.** આ ચાલીસ અય્યામમાં જ આપને દુશ્મનોના મકર-હીલાસાઝીનો અંદાઝો આવી ગયો હતો. પણ આપ દાદાજી સાહેબની મસ્જિદમાં જ ઈમામત કરાવતા રહ્યા. આપની કબ્રે અન્વરને આસપાસ આપના કુમ્બા-ખાનદાનના બેશુમાર સાહેબો-સાહેબાતની કબરો હતી જે આજે એક પણ મૌજૂદ નથી.

## સૈ. અમીનજીની વફાદારી અને તારીખ સાથે છેડછાડ :

પૈસા અને લાલચના ઝોર પર સૈ. અલી સાહેબની નસ્સના શાહિદોને પલટાવવામાં આવા. બહેકાવવામાં અને લહેકાવવામાં આવા. મજબૂર અને લાચાર કરવામાં આવા. જાનના ખૌફના સબબ કેટલાકે સૈ. અલી સાહેબથી મૂઁહ ફિરાવી લીધું. સાથ આપવાના બદલે આપના મીસાકનો હાથ છોડી દીધો. જ્યાં જોઈ ત્યાં આપને બગાવતના શોઅલા નઝર આવા. ૨૭ જાઁબાઝોં સાથે આપે દાઅવતે હક્કની કિશ્તીને દુનિયાની બગાવત-દગાના દરિયામાં ચલાવી. અજબ હિમ્મત અને અઝમના આપ સાહેબ હતા. આપના સાથે દુશ્મનોથી ટક્કર લેવા મઝબુત ચટ્ટાન જેમ ઉભા રહેનાર આપના માઝૂન સૈ. તૈયેબ ઝકીયુદ્દીન અને મુકાસિર સૈ. અમીનજી બિન જલાલ હતા. સૈ. અલી સાહેબ તરફ સૈ. અમીનજીની વફાદારી, જાઁફિશાની અને ઈલ્મી જેહાદની કઈ ઝબાનથી બયાની થઈ શકે! **આપની વફાદારીની કહાનીને કોઈ અલ્ફાઝ વફા ન કરી શકે.** આપ, સૈ. અલી સાહેબ ૨૯માં દાઈએ મુત્લકના આલી રૂત્બા પર જલ્વાફિગન થયા તે બાદ સવા વરસ તક દુનિયામાં રહ્યા. પણ આ મુખ્તસર વક્તમાં આપે હક્કની દાઅવત વાસ્તે જે કારનામા અંજામ આપા અને હુજ્જતો કાઈમ કીધી તેએ દુશ્મનોના દિલ ઉલટાવી દીધા, ઝબાનમાં લડખડાહટ લાવી દીધી, દિમાગને મંદ કરી દીધા અને હોંસલા પસ્ત કરી દીધા.

તૈયેબજીના ગિરોહે હર વક્તમાં તારીખ સાથે રમતબાઝી અને ખિલવાડ કીધો છે. હિજરી સન પલટાવી દીધી છે. ૧૦૩૧ હિ. ના સૈ. અમીનજીના સાલે ઈન્તેકાલને બદલીને ૧૦૧૩ હિ. કરી દીધી છે, તાકે આપ સૈ. અલી સાહેબની નસ્સના શાહિદ જ ન રહે. આ જ મુજબ તૈયેબજી સાથે બનું છે. તેની અસલ તારીખે વફાત ૧૦૩૧ હિ. છે મગર તેને તબ્દીલ કરીને ૧૦૪૧ હિ. કરી દેવામાં આવી છે. અપની તો ઠીક મગર ગૈરની કિતાબોથી સાબિત છે કે, સૈ. અલી સાહેબ મસ્નદનશીન

(બકીયાહ પેજ નં. ૫ પર)

**પેટ ભરવા નહીં પણ પાછી બરાબર ભુખ લાગે તે સમઝીને જમનાર શખ્સ જિસ્મના રૂએ સેહતમંદ છે.**

(પેજ નં. ૪ નું બાકી)

થયા બાદ ફક્ત ૮ મહીનામાં તે ગુઝરી ગયો. તે બાદ ૧૦ સાલ તક યમનથી તેની કૌમની બાગદોડ ચાલી. જો તૈયેબજી દરાઝ વક્ત વાસ્તે ઝિંદા રહ્યો હોત તો અપના મુમેનીન વાસ્તે અહમદાબાદમાં કેવા સખ્તતરીન હાલાત પૈશ આવા હોત, તેનો ખયાલ જ ખુદમાં એક ઝલઝલો ઊભો કરી દે છે.

## તૈયેબજી અને તેના લોગોની હાલત :

કિતાબોમાં બયાન છે કે, સૈ. ઈબ્ને કુતુબશાહ સાહેબ જાણતા હતા કે, તૈયેબજીને કઈ બીમારી છે અને તે દાઈના દરજાને લાઈક નથી. તેને કોઢ અને રાઅશાની બીમારી હતી. તેની ઝબાન અને નઝરીયો પાકો સાફ ન હતો. તે પોતે સીધો ઊભો રહી શક્તો ન હતો. તેના હાથ-પગ ધ્રુજતા હતા. જેમ મૌલા અલી (અ.સ.) ને ખિલાફ, સાની હર વક્ત અવ્વલને ચાશની ચઢાવતો હતો, તેમ સૈ. અલી સાહેબને ખિલાફ કાસિમ ફીર હર વક્ત તૈયેબજીને ચાવી આપતો હતો. આ તે જ કાસિમ ફીર છે, જે તે કૌમે તૈયેબજીનો ૩૧મો રઈસ બનો. **સૈ. અલી સાહેબની મુદ્દતે દાઅવતમાં પહેલા ૮ મહીના તૈયેબજી હાઝિર હતો અને આપની દાઅવતના છેલ્લા ૪ સાલ (૧૦૪૨-૧૦૪૬ હિ.) કાસિમ ફીરનો ઝમાનો હતો.** આ બેવે અરસામાં હક્કના મુમેનીન પર જે શદીદ ઝુલ્મ થયા અને જફાકારો તરફથી જે હદની સતામણી થઈ, તેને બયાન કરવાથી કલમમાં લરઝીદગી આવી જાય છે.

ગરઝપરસ્તીની ઈન્તેહા તો એ છે કે, પોતાની કૌમનો રઈસ કૌન? તેને સાબિત કરવા, આજે તે લોગોને સૈ. અલી સાહેબ યાદ આવી ગયા! તમામને ખબર છે કે, આજે એ ગિરોહની કૌમમાં મુંબઈ હાઈકોર્ટમાં દાઈનો હક્ક સાબિત કરવા મુકદ્દમો ચાલી રહ્યો છે. બેવે ફરીક પોત-પોતાની દલીલો પૈશ કરી રહ્યા છે. જો કે, અપની નઝરમાં તો બેવે સરખા જ છે. પણ તેઓ બિલા સબબ, કૌન સાચું અને કૌન જૂઠું, તેની કશ-મ-કશમાં સૈ. અલી સાહેબ પર તરહ-તરહના ઈલઝામ અને બોહતાન લગાવી રહ્યા છે. આજ તક અપને ખામૌશ હતા. મગર જે તરહ તેઓ કબર તોડા બાદ પણ અપના શહીદે આઅઝમને કોર્ટમાં બદનામ કરી રહ્યા છે, તો અપના પર, હર અલવી મુમિન પર વાજિબ છે કે, આપની નસ્સની હક્કાનીયત અને સાચી તારીખને ઝમાના સામે લાવે. સફેદ લિબાસમાં છુપેલા ફિત્નાવર લોગોના નાપાક ઈરાદાને ફાશ કરે.

## જૂઠ પર જૂઠ :

કહે છે કે, સૈ. સફીયુદ્દીન સાહેબના ઝમાનમાં તૈયેબજી માઝૂન હતો, જે જૂઠ છે. સૈ. અલી સાહેબ ત્રણ સાલ તક તૈયેબજીના માઝૂન રહ્યા, જે જૂઠ છે. સૈ. અલી સાહેબે ૧૦૩૪ હિ. માં અપની અલવી જમાઅત બનાવી, જે જૂઠ છે. સૈ. અલી સાહેબ જહાઁગીરની કોર્ટમાં ગયા હતા, જે જૂઠ છે. સૈ. અલી સાહેબે તૈયેબજીને મીસાક આપો હતો, જે જૂઠ છે. આ તમામ બનાવટ સૈ. અલી સાહેબની નસ્સને નઊઝોબિલ્લાહ જૂઠી સાબિત કરવા વાસ્તે હતી.

જો તૈયેબજી દાઅવતના કોઈ દરજાને લાઈક હોત તો તેના બાવાજી સૈ. ઈબ્ને કુતુબશાહ સાહેબ જ તેને કોઈ દરજો આપી દેત. પણ આપ જાણતા હતા કે, હાલાંકે તૈયેબજી પોતાનો દીકરો છે પણ તે નાકાબિલે દરજએ દાઅવત છે. સૈ. અલી સાહેબના તૈયેબજીના માઝૂન હોવાનો સવાલ જ ઊભો થાતો નથી, કેમકે તૈયેબજી તો સૈ. સફીયુદ્દીન સાહેબના ઈન્તેકાલ બાદ ૮ જ મહીનામાં ગુઝરી ગયો હતો. સૈ. અલી સાહેબ નવી જમાઅત બનાવે અને તે પણ ૧૦૩૪ હિ. માં? આ વાહીયાત વાતનો જવાબ એ છે કે, અલગ જમાઅત બનાવવાની સૈ. અલી સાહેબને તો ઝરૂરત જ ન હતી. આપ તો અસલી નાજીયહ જમાઅતના ૨૯માં દાઈ સૈ. સફીયુદ્દીન સાહેબ પછી હતા જ. **એ તો તૈયેબજીને ઝરૂરત પડી કે પોતાને દાઅવતે હક્કથી અલગ કરી દે.** મૌ. આદમની નુબૂવત તો સાબિત હતી જ, પણ ઈબ્લીસે તુગયાની કીધી, નાફરમાની કીધી અને અલગ નિકલી ગયો. ઈબ્લીસ જમાઅતથી અલગ થયો એટલે લાઅનતનો મુસ્તહિક્ક થયો. હક્કના દાઈ પર ખુદાનો હાથ હોય છે અને એમના હાથમાં મુમેનીનના ઈમાનનો હાથ હોય છે. હક્કના દાઈ જાન આપી દે પણ બાતિલના હાથમાં પોતાનો હાથ ન આપે. હુસૈની દાઈ સૈ. અલી સાહેબ શું બાતિલપરસ્ત તૈયેબજીને પોતાનો હાથ આપતા હશે!

(બકીયાહ પેજ નં. ૬ પર)

**ઝિંદગી બાદ મૌત છે અને મૌત બાદ બીજી બહેતર ઝિંદગી છે આ સમઝનાર શખ્સ દિમાગના રુએ સેહતમંદ છે.**

(પેજ નં. ૫ નું બાકી)

### જહાઁગીરના દરબારની હકીકત :

હવે, હકીકત બાકી રહી મુગલ સુલતાન જહાઁગીરની કોર્ટમાં જાવાની! જેમ લખવામાં આવેલું છે કે, સૈ. અલી સાહેબ પોતે દાઈ હોવાનો હક્ક સાબિત કરાવવા અને તૈયેબજીની શિકાયત કરવા મુગલીયહ દરબારમાં ગયા હતા. દરબારમાં જાવાની ઝિક્ર અપના કિતાબોમાં મિલે છે, મગર કૌન ગયું હતું અને શું કામ ગયું હતું તેની સચ્ચાઈ, તૈયેબજીના ગિરોહની બયાની કરતા બિલકુલ જ અલગ છે. આ જ તરહની ખોટી વાતોથી જૂના અને નવા કિતાબો કે, જેમાં સૈ. અલી સાહેબ અને અપની જમાઅતની ઝિક્ર છે, ભરેલા છે. દુશ્મનીના ઝહેરીલા ડંખના અસરાત હમણા તક અપના વાસ્તે તારીખનવીસની કલમની સિયાહ-ઈન્કમાં જોવા મિલે છે. ઈન્શાઅલ્લાહ વક્ત હવે દૂર નથી કે, ઝમાનાના લોગોને રોશન થાશે કે, હક્ક કહાઁ છે અને બાતિલ કેવો છે?

૮ મહીના તક, જહાઁ તક તૈયેબજી ઝિંદા હતો વહાઁ તક સૈ. અલી સાહેબ સબર કરીને બેસી રહ્યા, પણ તેની મૌત બાદ તેના ખૂઁખાર અને શરારતપસંદ મદદગારોનો ઝુલ્મો જબર ઈન્તેહા પર પહોંચી ગયો, તો આપ મૌલાએ આપના તે વક્તના મુકાસિર ૩૧માં દાઈએ અલવી સૈ. હસન બદરૂદ્દીન સાહેબને લાહોર જહાઁગીરના મુગલીયહ દરબારમાં શિકાયતનામું લઈને મોકલા. સૈ. બદરૂદ્દીન સાહેબ સાથે આપના ચુસ્ત મદદગારો પણ હતા. **તૈયેબજીના ગિરોહના ઝુલ્મની રૂજૂઆત ઘણા જ દર્દમંદાના લેહાઝથી સૈ. અલી સાહેબ તરફથી સૈ. બદરૂદ્દીન સાહેબે કીધી.** અપના અલવી મુમેનીન અહમદાબાદમાં કઈ તરહ ખૌફ અને તકલીફની ઝિંદગી ગુઝારી રહ્યા છે, તેની આપે પૂરી હકીકત દરબારમાં બયાન કીધી. આપની આ બયાનીથી મુતઅસ્સિર થઈને જહાઁગીરે અપની જમાઅત વાસ્તે અમાનનામું સાદિર કીધું અને તેના અહમદાબાદના સુબેદારને અપની જમાઅત પર થઈ રહેલાના ઝુલ્મથી આગાહ કીધો.

### સૈ. બદરૂદ્દીન સાહેબનું પાછું દરબારે મુગલીયહમાં જાવું :

આ હુકમ બાદ સૈ. અલી સાહેબને અને મુમેનીનને થોડા વક્ત વાસ્તે સુકુન હાસિલ થયું. પણ જે વક્ત તૈયેબજીની કૌમનો નિઝામ ૧૦૪૨ હિ. માં કાતિલે સૈ. અલી સાહેબ, કાસિમ ફીરના હાથમાં અહમદાબાદમાં આવો તો પહેલે કરતા ઔર શદીદ ઝુલ્મ કરવામાં આવો. સૈ. અલી સાહેબ ઘર છોડવા પર મજબૂર થઈ ગયા. આપને બેઘર કરવામાં આવા. મુમેનીનના ઘર, દુકાન, વેપાર વગૈરહ લૂંટવામાં આવા. મુમેનીનને મારવામાં આવા. યહાઁ તક કે, બૈરાઓની બેહુરમતી કરવામાં આવી. સૈ. અલી સાહેબ આપના હુદૂદ સાથે આપની શનાખ્ત છુપાવીને રહેવા લાગા. આપના મુકાસિર સૈ. બદરૂદ્દીન સાહેબે સૈ. અલી સાહેબને દોબારહ અરઝ કીધી કે, **"આપ મને ઈજાઝત આપો કે, હું યહાઁના સુબેદારને એતેમાદમાં લઈને આપના પૈગામ સાથે મુગલીયહ દરબારમાં ઝાલિમોની શિકાયત કરવા સફર ઈખ્તિયાર કરૂં."** સૈ. અલી સાહેબ ફિકરમાં પડી ગયા કે, સફર ઘણો જ લંબો અને મશક્કત ભરો છે. આપ જાશો તો યહાઁ મુમેનીનને કૌન સંભાલશે? ખૂબ ગૌર કીધા બાદ આપ મૌલાએ સૈ. બદરૂદ્દીન સાહેબને જાવાની રઝા આપી.

સૈ. બદરૂદ્દીન સાહેબ ચંદ હુદૂદને સાથે ૧૦૪૬ હિ. માં આપ મૌલાનો પૈગામ લઈને લાહોર ગયા. ત્યાં આપને ખબર પડી કે, મુગલ જહાઁગીરના ગુઝરા બાદ સુલતાન શાહજહાઁએ મુગલીયહ હુકૂમતનું પાયએ તખ્ત કાશ્મીર મુન્તકલ કરી દીધું છે. લાહોરમાં જે સાહેબો આપને જાણતા હતા તેના દસ્તાવેઝ અને આપની સુલતાન જહાઁગીર સાથે પહેલી મુલાકાતના કાગઝો લઈને આપ લાહોરથી કાશ્મીર પધારા. હક્કની દાઅવતની હિફાઝતની ખાતિર આપે સખ્તમાં સખ્ત સફર ઈખ્તેયાર કીધો. સુલતાન શાહજહાઁના દરબારમાં આપ પેશ થયા, સૈ. અલી સાહેબના પૈગામ સંભલાવા અને દુશ્મનોના ઝુલ્મો જબરથી રોકથામ વાસ્તે અરઝ ગુઝારી. સુલતાન જે વક્ત ઝુલ્મથી આગાહ થયો અને બેગુનાહ મુમેનીનના પસ્ત હાલાતથી ખબરદાર થયો, તો સૈ. બદરૂદ્દીન સાહેબને ઝાલિમો ખિલાફ અકદામાત લેવાનો ભરોસો અપાવો. આ મુલાકાત બાદ આપ એક લમ્હો પણ ત્યાં ન રૂકા અને અહમદાબાદ આવવા રવાના થઈ ગયા.

(બકીયાહ પેજ નં. ૭ પર)

**હર ચીઝમાં ખુદાની દાઅવતની શાન અને કુદરત ઢુંઢનાર શખ્સ અક્લના રૂએ સેહતમંદ છે.**

(પેજ નં. ૬ નું બાકી)

## સૈ. અલી સાહેબની શહાદત :

આ દૌરાન યહાઁ અહમદાબાદમાં કાસિમ ફીરની ફિત્નત ઔજ પર હતી. મુગલીયહ સુબેદારના તમામ આમિલોને ખરીદી લીધા હતા. મુમેનીનની માલ-મિલકીયત સરેઆમ જલાવી દેવામાં આવી હતી. હર તરફ મુમેનીન વાસ્તે ખૌફ હતો પણ મુમેનીનનું આપ મૌલા પર ઈમાન અને આખેરત પર યકીન પુખ્તા હતું. સૈ. અલી સાહેબ સાથે ભલે ખૂબ કમ મુમેમીન હતા પણ કાસિમ ફીરને આ હક્કના લોગો કાંટા જેમ ચુભતા હતા. બગીચામાં ગુલાબ-મોગરાના ખુશ્બૂદાર ફૂલ ઘણા કમ હોય છે અને લોગો તેને જ તોડવા તરફ હાથ લંબો કરે છે. **કીમત અને એહમીયત થોડાની જ હોય છે.** ૨૧ ઝુલકાદ ૧૦૪૬ હિ. ના દિન મગરિબના વક્ત પર આપ સવારી સાથે જઈ રહેલા કે, કાસિમ ફીરે આપના પર હમ્લો કીધો, આપને ઝખ્મી કીધા. મુમેનીન રોતા-રોતા, અગિસ્ના-અગિસ્ના કહેતા હુવા આપ મૌલાને દેવડી પર લાવા અને આપ તે હાલતમાં હુદૂદ-મુમેનીનને દરમિયાન સૈ. તૈયેબ ઝકીયુદ્દીન સાહેબ પર નસ્સે જલી કીધી. વસીયત ફરમાવીને ૨૩ ઝુલકાદ ૧૦૪૬ હિ. ના દિન રૌઝએ રિઝવાનમાં તશરીફ લઈ ગયા. મુમેનીન પર કયામત તૂટી પડી. દર્દો અલમના વાદલો છવાય ગયા. મૌલાની ફિરાકીથી મુમેનીનનું દુનિયામાં ચૈન ઉઠી ગયું.

શહાદત પહેલા આપ મૌલાએ આપના કાકાજી સાહેબ સૈ. ઝકીયુદ્દીન સાહેબને ૩૦માં દાઈએ મુત્લકનો તાજ પહેરાવો. હિંદ-સિંધ અને યમનની દાઅવતના માલિક બનાવા. વસીયત ફરમાવી કે, "અય મારા કાકાજી સાહેબ! મારા ઈન્તેકાલ બાદ આપનો વક્ત આવે તો સૈ. બદરૂદ્દીન સાહેબને આપના માઝૂન બાનવજો. એને જેવી ખિદમત બીજું કોઈ નહીં કરી શકે. દાઅવતના એ મઝબૂત થાંભલા છે. ખુદાતઆલા આપની ઉંમરમાં બરકત આપે પણ હું જાણું છું કે, આપની ઉમ્રરસીદગી છે, ઝઈફી છે અને આપે પણ આ દાઅવતની બકા અને ઈઝઝત વાસ્તે કમ ખિદમત નથી કીધી. પણ હું આપને વસીયત કરૂં છું કે, **જે વક્ત આપનો આખિરી વક્ત આવે તો સૈ. બદરૂદ્દીન સાહેબને આપના દરજા પર કાઈમ કરજો.** દોઆતના સિલસિલાની તસ્બીહમાં શામિલ કરજો. ખુદાતઆલા આપને આ દાઅવતે ઈલાહીયહ મુબારક કરે."

આપની શહાદત બાદ સૈ. ઝકીયુદ્દીન સાહેબ અહમદાબાદમાં ૧૧ મહીના વાસ્તે દાઈએ મુત્લકના દરજએ મુનીરહ પર રહ્યા. આપના બાવાજી સૈ. સફીયુદ્દીન સાહેબની કબરે અન્વરનો ઈલાકો અને આપની મસ્જિદનો ઈલાકો સૈ. અલી સાહેબના હાથમાં હોવાના સબબ સૈ. અલી સાહેબની કબરે મુનીર આપના દાદાજી સાહેબના સર મુબારકને જમણી જાનિબ થઈ. નહીં તો કબર તોડનારા મકરબાઝોં આ હરગિઝ થાવા ન દેતા. આ મોટામાં મોટી અપની હક્કાનીયત છે કે, અપના બેવે દોઆતે હક્કની કબરે સૈ. સફીયુદ્દીન સાહેબને બેવે જાનિબ જ છે. ભલે કબર તો તોડી પણ તે જગા તો હરગિઝ મિટાવી નહીં શકે. આજે શું, કેયામત તક મુમેનીન આપ મૌલાની શહાદત અને મઝલૂમીને યાદ કરીને તે જગા પર જ ઝિયારત કરતા રહેશે, આહોઝારી કરતા રહેશે.

## સૈ. બદરૂદ્દીન સાહેબનો ઝમાન અને સૈ. અલી સાહેબનો કિસાસ :

સૈ. બદરૂદ્દીન સાહેબ જે વક્ત સફર તય કરીને અહમદાબાદ પધારા તો આપ સીધા પહેલા સૈ. અલી સાહેબની મુલાકાત વાસ્તે પધારા. હુદૂદોએ રોકા અને આપને સૈ. અલી સાહેબની કબર પર લઈ ગયા. કહ્યું કે, "**અય બદરૂદ્દીન સાહેબ! સબર કરો. હમારા મૌલાની મુલાકાત આપ એમની કબરની ઝિયારત કરીને કરી લો.** " આ અખ્બાર સાંભલીને આપ કબર પર જ ગશ ખાઈને પડી ગયા. હોશમાં આવા તો મુમેનીન સાથે કબર પર માતમની મજલિસ બરપા કીધી. સૈ. ઝકીયુદ્દીન સાહેબના હાથ ચુમી કહ્યું કે, "અય મૌલા! આપની દસ્તબોસી કરીને મેં મારા મૌલા અલીની તકફીનો તદફીનથી બરકત હાસિલ કરી લઉં.માટી નાખવાનો સવાબ લઈ લઉં." આપના આ કલામ સાંભલી તમામ આહો બુકા કરવા લાગા. સૈ. બદરૂદ્દીન સાહેબે તે જ જગા પર કસમ ખાધા કે, "**જહાઁ તક મારા મૌલાના ખૂનનો કિસાસ નહીં લઉં, વહાઁ તક દુનિયાનું ચૈન, રાહત અને દૌલત મારા વાસ્તે હરામ છે.** "

(બકીયાહ પેજ નં. ૮ પર)

**ઈબ્રત અને હિકમતની નિગાહથી જોનાર શખ્સ નઝરના રૂએ સેહતમંદ છે.**

(પેજ નં. ૭ નું બાકી)

સૈ. ઝકીયુદ્દીન સાહેબનો આખિરી વક્ત આવો તો આપે સૈ. અલી સાહેબની વસીયત પર અમલ કીધો અને સૈ. બદરૂદ્દીન સાહેબને ૩૧માં દાઈએ મુત્લકનો તાજ પહેરાવો અને હક્કની દાઅવતના મુમેનીનને સાચવવાની ઝિમ્મેદારી સિપુર્દ કીધી. આપ ૧૦૪૭ હિ. માં મસ્નદે તૈયેબી પર જલ્વાઅફરોઝ થયા અને ચંદ અરસામાં જ ઝુલ્મની ઈન્તેહા એ હદ તક પહોંચી કે, આપે અને હુદૂદે ટાંકામાં ઝમીનના નીચે રહીને આમ લોગોની નઝરથી આપની શનાખ્તને છુપાવી દીધી. મખ્સૂસ મુમેનીન જ આપનો અતોપતો જાણતા હતા. આપ દાઈએ મુત્લક તો હતા જ, પણ લોગોમાં આપની પહેચાન એક આલિમે દીન, આબિદ, ઝાહિદ, આદિલ, શાયર, દાનિશવર, દુરંદેશ, હલીમો કરીમ અને ગરીબપરવરીની હતી.

આપે ટાંકામાં રહીને સૈ. અલી સાહેબની શહાદતની હકીકત અરબી ઝબાનમાં અશ્આરની શિકલમાં દરજ ફરમાવી, ઈબાદતગુઝાર કેવા હોવા જોઈએ, ઈન્સાફ અને ઝુલ્મ શું છે, દીને ઈસ્લામની બુનિયાદ શું છે, અરકાને શરીઅત કોને કહેવાય, દુનિયાની ધોકેબાઝી શું છે, લોગો હિકમતના સાહેબને ઝલીલ શું કામ કરે છે, આના સિવાય બીજા મઝમૂનો પર અશ્આર લખીને આપે ઔરંગઝેબના મુગલીયહ દરબારમાં રવાના કીધા. દાઈ પર ઝુલ્મ અને કત્લના ઈન્સાફ વાસ્તે આપે સુબેદારોને મુસલસલ ૮ સાલ તક કાગઝો અને ખત લખા. આપની મહેનત રંગ લાવી અને તેનો અંજામ એવો બુરો આવો કે, સૈ. અલી સાહેબના કાતિલો અને કાતિલના વારિસોને સઝાએ મૌત આપવામાં આવી. જે શખ્સ બીજા વાસ્તે ખાડો ખોદે તો શાયદ તે જ ખાડામાં ખાડો ખોદનાર જઈ પડે.

## સૈ. બદરૂદ્દીન સાહેબની સૈ. ઝિયાઉદ્દીન સાહેબને વસીયત અને શેહરે વડોદરા :

સૈ. બદરૂદ્દીન સાહેબની મુદ્દતે દાઅવત દૌરાન ૧૦૬૫ હિ. બાદ હાલાતમાં થોડો સુધારો થયો. ઝાલિમ લોગો અહમદાબાદથી છંટાઈ ગયા, બીજી જગાઓ પર મુન્તકલ થઈ ગયા. આપ મૌલાએ પછી જેહારન-ઝાહેરન દાઅવતે હક્કના ઊમૂરને સંભાલા અને મુમેનીનને વેપાર-રોઝગાર પર લગાવા. આપ હરરોઝ સૈ. અલી સાહેબની ઝિયારત વાસ્તે પધારતા અને મુમેનીનને આપની શહાદતની યાદ અપાવતા. આપના માઝૂન સૈ. જીવાભાઈ ઝિયાઉદ્દીનએ આપની બેઈન્તેહા ખિદમત કીધી. આપના સાયા જેમ રહેતા હતા. આપે સૈ. ઝિયાઉદ્દીન સાહેબને વસીયત કીધી કે, **" મારો આખિરી વક્ત આવે અને આપ આ મસ્નદ પર હોવ તો આપ અહમદાબાદમાં ન રહેજો. સૈ. સફીયુદ્દીન સાહેબના વતન વડોદરાને આબાદ કરજો. તે શહેરને દાઅવતની બરકત બખશજો. "**

૧૦૯૦ હિ. માં સૈ. બદરૂદ્દીન સાહેબના ઈન્તેકાલ બાદ ૨૦ સાલમાં યાઅની ૧૧૧૦ હિ. માં સૈ. ઝિયાઉદ્દીન સાહેબે હિજરતનો અમલ ફરમાવો. આપે વડોદરા હિજરત કીધી, મુમેનીનને સાથે લાવા, બદરી મોહલ્લો અને મસ્જિદ આબાદ કીધી. સૈ. બદરૂદ્દીન સાહેબના નામ મુબારક પરથી આપે મોહલ્લાને "બદરી" નામ આપું. ચંદ મુમેનીન અને આપના ઘરના ચંદ સાહેબોને અહમદાબાદમાં જ રાખા. હિજરત બાદ પણ આપ ઘણી વાર અહમદાબાદ જાતા હતા અને ત્યાંના ઊમૂર પર નિગાહ રાખતા હતા. સૈ. બદરૂદ્દીન સાહેબની વડોદરા વાસ્તે દોઆ અને સૈ. ઝિયાઉદ્દીન સાહેબના કદમોની બરકત એવી થઈ કે, આજ તક વડોદરા શહેરમાં દાઅવતે હક્કની બરકત જારી છે, કાઈમ-દાઈમ છે. આલે નૂહજીથી વડોદરા આબાદ-શાદ છે.

હાલના દાઈએ પુરનૂર હુઝૂરેઆલી હાતિમુલ ખયરાત રબીઉલ બરકાત અબૂ સઈદિલ ખૈર સૈયેદના હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) આજે અપના દરમિયાન **આલે નૂહજીની ૧૩ મી આયત છે**, નિશાની છે, યાદ છે. ૧૨ દોઆતે અલવીયહના મઝારાતથી સરઝમીને વડોદરા રોશન છે. ખુદાતઆલા હક્કના મુમેનીનને દાઈએ હક્કના સાયામાં હર લમ્હા સુકૂનપિઝીર રાખે, મુત્મઈન રાખે અને દુશ્મનાને હક્કની બદ નઝરથી મહેફૂઝ રાખે. આમીન યા ખયરન્નાસેરીન. ✫

**પોતાનો ઐબ અને કુસૂર સુધરે તે વાસ્તે બરાબર વાતને સાંભલનાર શખ્સ કાનના રૂએ સેહતમંદ છે.**

## કલામે અન્વર

મુમિન પે કરમ કીજીએ
અય શમ્સુદ્દીં મૌલા,
બિગડી કો બના દીજીએ,
અય શમ્સુદ્દીં મૌલા.
મૌલા સફીયુદ્દીન સે પાઈ હે યે દાઅવત,
નસ્સ કી હી બદૌલત,
દાઅવત મેં બસા દીજીએ,
અય શમ્સુદ્દીં મૌલા.
બેજુર્મ કિયા આપકો તલવાર સે ઝખ્મી,
કાસિમ થા વો ઝુલ્મી,
કાતિલ કો સઝા દીજીએ,
અય શમ્સુદ્દીં મૌલા.
ખાલી ન ફિરા આપકે દર સે કોઈ સાઈલ,
હલ હો ગઈ મુશ્કિલ,
દામન મેરા ભર દીજીએ,
અય શમ્સુદ્દીં મૌલા.
કી સોલા બરસ આપને દાઅવત કી હિફાઝત,
બા ઈઝઝો જલાલત,
ઈખ્લાસો સબર દીજીએ,
અય શમ્સુદ્દીં મૌલા.
પરવા ન કી દૌલત કી ન સરવત કી ન ઝર કી,
ઉક્બા પે નઝર કી,
હયદર સે મિલા લીજીએ,
અય શમ્સુદ્દીં મૌલા.
હે આપકે કદમોં મેં હમારે લીયે જન્નત,
નેઅમત હે શફાઅત,
મહેશર મેં અતા કીજીએ,
અય શમ્સુદ્દીં મૌલા.
અલ્લાહ ને બખ્શી હે જહાઁગીરી ફલક કી,
ઔર જિન્નો મલક કી,
શાહોં કે શહેનશાહ હે,
અય શમ્સુદ્દીં મૌલા.
બન જાએ કબ્ર અબ યહીં દિનરાત હે દોઆ,
રૌઝા હો પુર ઝિયા,
એજાઝ દિખા દીજીએ,
અય શમ્સુદ્દીં મૌલા.
હો કર શહીદ આપને કરબલ બના દિયા,
ઈસ શહેર કો શાહા,
લાખોં સલામ લીજીએ,
અય શમ્સુદ્દીં મૌલા.
હર સિમ્ત સે ગમગીનીઓ ને ઘેરા હે હમકો,
રાહત નહીં દિલ કો,
રહેમત મેં સમા લીજીએ,
અય શમ્સુદ્દીં મૌલા.
જન્નત કે રાસ્તોં કા પતા પાએંગે ઈનસે,
મૌલા કે હી દર સે,
ઝિયારત કા શરફ દીજીએ,
અય શમ્સુદ્દીં મૌલા.
મસ્નદ કે આપકી હે યે વારિસ ઝકીયુદ્દીં,
હે દાઈએ મુબીં,
તા હશ્ર યે કાઈમ રહે,
અય શમ્સુદ્દીં મૌલા.
શુક્રે ખુદા હે આપકી મદાહી મિલી હે,
કિસ્મત કયા ખિલી હે,
અન્વર કો બખ્શ દીજીએ,
અય શમ્સુદ્દીં મૌલા. ✯

## તૌકીરે મજલિસ

ઈમાન કી તન્વીર હે, શબ્બીર કી મજલિસ.
ઈસ્લામ કી તૌકીર હે, શબ્બીર કી મજલિસ.
ઝૈનબ કા મુદ્દોઆ હે તો ઝહરા કી હે દોઆ.
આબિદ કી યે તદબીર હે, શબ્બીર કી મજલિસ.
ઈસ્લામ કે ઊસૂલોં કા એક મદ્રસા હે યે.
દુશ્મન કે લીયે તીર હે, શબ્બીર કી મજલિસ.
કિતને હી ગમ ઉઠા ચુકી ઈતરત રસૂલ કી.
ઉસ ગમ કી યે તસ્વીર હે, શબ્બીર કી મજલિસ.
ઈમાઁ કી કસૌટી હૈ તો યે ગમ કી દવા હે.
મુમિન કી યે તદબીર હે, શબ્બીર કી મજલિસ.
દરબારે "હુસૈની" મેં હે, "તૈયેબ" કી હાઝરી.
સબ કે લીયે ઈકસીર હે, શબ્બીર કી મજલિસ.
"અલવી" રચાઈ આલે અબાને જિસે સદા.
વો નાઅરએ તકબીર હે, શબ્બીર કી મજલિસ. ✯

બૈરો અને બચ્ચાંનો ખયાલ રાખીને, હર તરહના તકાઝા પૂરા કરીને તેમને તરબીયત આપનાર શખ્સ ઘરેલું મુઆમેલાતના રૂએ સેહતમંદ છે.

## લફ્ઝી કશ-મ-કશ

**ઉભી તરકીબ :**

૧) નિડરતાથી જંગ કરનાર, શૈરના હમલા જેમ દુશ્મનો પર પૂરી તાકત સાથે તૂટી પડનાર. (૨)

૨) શહાદતે મૌ. ઈમામ હુસૈન (અ.સ.) બાદ અહલે બૈતના બચ્ચાઓ કરબલામાં ______ થઈ ગયા. (૩)

૩) નાની કરબલા, અહમદાબાદને દાઅવતે શરીફહના ______ કહેવાય છે, કેમકે, તેમાં શોહદાએ કિરામની કબરો લાકીમત ખઝાના જેમ દફન છે. (૩)

૭) નાનાજી સાહેબ નબીયુલ્લાહ મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ના ______ ને બચાવવા મૌ. ઈમામ હુસૈન ભુખા-પ્યાસા કરબલામાં શહીદ થઈ ગયા. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**આડી તરકીબ :**

૨) હરએક દાઈ ઝમાનામાં મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની કુરબાનીની યાદ અપાવે છે, તો હરએક દુશ્મને દીન ઝમાનામાં ______ પલીદની શૈતાનીયતની યાદ અપાવે છે. (૩)

૪) લઈન શિમ્ર મૈદાને કરબલામાં ઈમામે હક્કની ______ પર બેસીને આપને શહીદ કરવા પર આમાદહ થયો. (૨)

૫) હુસૈની લશ્કર અબાબીલ મુજબ હક્કનો પરચો બતાવતું હતું અને યઝીદી લશ્કર ______ (હાથી) મુજબ બાતિલનો શોરશાર કરતું હતું. (૨)

૬) કરબલા આવતા પહેલા મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની રવાનગી ______ થી મક્કા તરફ થઈ. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | શા | | |
| | શ | હી | દ | |
| તા | જ | X | રા | ત |
| | ર | ફી | ક | |
| | | લ | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર સફર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ☆

## ઈમાનની રૂહ

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી બયાન આવેલું છે કે, એક શખ્સે આપના પાસે આવીને અરઝ કીધી કે, યા અમીરલ મુમેનીન! કેટલાક લોગો એમ ગુમાન કરે છે કે, અગર કોઈ બંદો ઝિના કરે, ચોરી કરે, શરાબ પીવે, વ્યાજનો ધંધો કરે, હરામના પૈસા કમાઈ, નાહક્ક કોઈનું ખૂન કરે, બૈરો જે પાક-દામન હોય તેના ઉપર તોહમત દે, શિર્ક કરે, જેહાદથી નાસી જાય, માઁ-બાપ સાથે બદકલામી કરે વગૈરહ, આ મિસાલના ગુનાહ કરે, તો શું તે વક્ત તે મુમિન રહેતો નથી? ઈમાનની રૂહ તેમાંથી નિકલી જાય છે? **અય મૌલા! આ સોચીને મારો સીનો તંગ થઈ ગયો છે. મારા દિલો ઝહેન પર ઘણો બોઝ છે.** શું આવો શખ્સ મારા સાથે નમાઝ પઢે! મારા સાથે એક જ જગા પર દોઆ કરે! અમારા સાથે તઅલ્લુકમાં રહે! આપસમાં અમારી દિકરીઓ સાથે શાદી કરે! વિરાસતનો હક્કદાર બને! એવો શખ્સ અમારા સાથે રહેતો હોય અને આ મિસલ મોટા ગુનાહોં પર સવાર હોય, તો અય મૌલા! મને ખૌફ છે કે એના ઈમાનનો શું હાલ? મુમિન હોવા છતા શું ખુદાતઆલા તેને તેના ગુનાહોંના સબબ પકડશે, સઝા કરશે?

અમીરૂલ મુમેનીન ફરમાવે છે કે, "તમેં જેનો ખૌફ રાખો છો તે બિલકુલ બરાબર છે. અય ભાઈ! તમારી વાત સાચી છે. જે શખ્સ એવા મોટા ગુનાહોં કરતો હોય અને તમને તેનું યકીન થાય તો તેને તૌબા કરવાનું કહો. તમારા કહેવાને બાવુજૂદ તે ગુનાહોં ન છોડે તો તમેં તેની સોહબત છોડી દો. તમારા નઝદીક તેની કોઈ ઈઝ્ઝત નથી. **તેના માંથી ઈમાનની રૂહ નિકલી જાય છે. તેનો નફસ, નફસે ખબીસહ મઝમૂમહ બની જાય છે.** જેના ઉપર શયતાન કબ્ઝો જમાવીને બેસી જાય છે. તેનામાં નફસે નાતેકહ કુદસીયહ અને નફસે કુલ્લીયહ ઈલાહીયહ ખત્મ થઈ જાય છે. ખુદાતઆલાના નૂર અને અક્લની નેઅમતથી તે ખાલી થઈ જાય છે. પછી તેનું હમેશાનું ઠેકાણું નારે જહન્નમ બની જાય છે." ☆

**વાઅદા અને મીઝાનથી ધંધો કરનાર શખ્સ વેપારના રૂએ સેહતમંદ છે.**

# તૈયેબહ

અલ-ખમ્સતુલ અત્હાર પંજતને પાક (અ.સ.) માં અકીદો રાખનાર અને આ સાહેબોને દુનિયા-આખેરતના સરદાર માનનાર મુમેનીન સાલેહીનને "તૈયેબીન અને તાહેરીન" કહેવાય છે. આ સિફતના મુમેનીન હર તરહથી પાકો સાફ હોય છે. ઝાહિર-બાતિન, ઘર-વેપાર, ઝબાન-દિલ, નઝર-સોચ, રિશ્તા-વહેવાર હર તરહથી પાક હોય છે. મૌ. આદમ સફીયુલ્લાહ (સ.અ.) ની દાઅવતને કુબૂલ કરનાર લોગો તૈયેબીન કહેવાય, કેમકે તેઓએ પોતાના દિલોને અલ્લાહની તૌહીદથી પાક કીધા. તે બાદ હર નબીમાં આ માજરો ગુઝરો. જેઓ નબીના ઝરીએ હુકમે ઈલાહીના ખિલાફ ગયા તેઓ કાફેરીન અને મુન્કેરીન કહેવાય. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નબી હતા, આપ આખિરી રસૂલ હતા. પણ આપ તન્હા ન હતા. આપના ઝમાનમાં બેવે ગિરોહ હતા - તૈયેબીન અને કાફેરીન. પણ આપે રસૂલના આલીશાન દરજાની હર ઝિમ્મેદારી નિભાવી. જેમ આપે નુબૂવત પર મોહર મારી, તેમ આપના નવાસા સૈયેદુશ્શોહદા મૌ. ઈમામ હુસૈન (અ.સ.) એ પંજતને પાક (અ.સ.) ની અફઝલીયત, નૂરાનીયત અને તહારત પર મોહર મારી.

મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિંદગી, જેહાદ અને શહાદત સાથે પંજતને પાકના હર સાહેબ જોડાયેલા છે. આપ હકીકતમાં આપના નાનાજી સાહેબ, બાવાજી સાહેબ, માઁ સાહેબા અને ભાઈની સીરત-સૂરતના આઈના હતા. આપને માનનાર પૂરા પંજતને પાકને માનનાર થયા. આપને ખિલાફ જે મુન્કેરીન હતા ભલેને મુસલમાનો હતા, તેઓ પંજતનના નૂર અને ઈમાનની ચમકથી ખાલી થઈ ગયા. **હમારા પાકીઝા ઈમામોની પાકીઝા મોહબ્બતના સબબ અલ્લાહતઆલાએ હમને ૮ પાકીઝા ચીઝો અતા ફરમાવેલી છે.** આ પાકીઝગીનો લફઝ કુરઆને કરીમમાં "**તૈયેબહ**" આવેલો છે. આ ૮ પાકીઝા ચીઝો હમને ૮ જન્નતો તરફ લઈ જાનાર છે. ૮ જન્નતોના દરજાત ૮ તૈયેબહ ચીઝો પર દારોમદાર રાખે છે.

પહેલામાં પહેલા જે છે તે "**ઝુર્રીયતે તૈયેબહ**" યાઅની, પાકીઝા નસલ, આલ અને ઔલાદ. હર નબી અને એના ઝમાનાના ઈમામો જે હક્કની દાઅવતના ધણી હોય, તે ઝુર્રીયતે તૈયેબહના માલિક છે. જે ઈમાનદારો દાઅવતના ધણીને તાબેઅ થયા તેઓ ઝુર્રીયતે તૈયેબહના હિસ્સા છે. જેઓ મુન્કિર બના તેઓ ઝુર્રીયતે ખબીસહ-નાપાક નસલના, ગુમનામ બાવાજીની ઔલાદ મુજબ આવારા માઁના બચ્ચા થઈ ગયા. અલ્લાહતઆલાએ આ "ઝુર્રીયતે તૈયેબહ" સાથે બીજા બે અલ્ફાઝ જોડી દીધેલા છે. તે "**શજરતે તૈયેબહ**" અને "**કલેમતે તૈયેબહ**" છે, પાકીઝા દરખ્ત અને પાકીઝા બોલ. નેક સીરત ઔલાદ તે ફલદાર ખુશ્બૂદાર દરખ્ત જેમ હોય છે. મુમેનીન જે આ દાઅવતે તૈયેબહમાં યકીન રાખે છે તે પાકીઝા દરખ્તે તૈયેબી અને દરખ્તે હાતિમીના પત્તાઓ છે.

અલ્લાહતઆલાના ફઝલ અને ફૈઝથી, સૂરજ-ચાંદની તાસીરથી અને શરીઅતના પાક પાનીથી આ દરખ્તે પાકીઝા ઉગેલું છે. તેને ખિઝાઁ નથી, મૌત નથી. "કલેમતે તૈયેબહ" યાઅની, પાકીઝા બોલ અને અલ્ફાઝ જે નસીહત અને હિકમતથી ભરેલા હોય તે બારિશના પાની અને નુત્ફાના કત્રા જેવી તાસીર ઊભી કરે છે. **હિકમતના કલામ સાંભલનારના દિલો દિમાગમાં એક પાકીઝા ફિકરો ખયાલ ઊભો કરે છે જે પછી પાકીઝા અમલમાં બદલાય છે.** જે મુજબ બારિશની નાની-નાની બુંદો સુકી ઝમીનને લીલી કરી દે છે અને નુત્ફાનો એક કત્રો પાકીઝા નસલને પૈદા કરે છે. ઈમામે હક્કની મુબારક પીઠ માંથી આ ઝુર્રીયતે તૈયેબહ અને કલેમતે તૈયેબહ ઝાહિર થાય છે અને તે એવી આલને વુજૂદમાં લાવે છે કે, જે યૌમે કેયામત તક દુનિયાની પીઠ પર બાકી રહેશે.

અલ્લાહતઆલા ફરમાવે છે કે, જે લોગો મારા દીનને તેના હક્ક મુજબ અને તેની હદ મુજબ માનશે તે "**મસાકિને તૈયેબહ**" માં રહેશે જ્યાં તેઓ એકબીજાને "**તહીયતે તૈયેબહ**" થી ઈસ્તિકબાલ કરતા હશે અને જ્યાં હર વક્ત "**રીહે તૈયેબહ**" ચાલતી હશે. આ "મસાકિને તૈયેબહ" શું છે? તે તો પાકીઝ મહેલો, બહેતરીન મકાનો અને ખૂબસૂરત રિહાઈશગાહો છે જે જન્નતમાં વસનારાઓને ઈનાયત થાનાર છે. હુસૈની મુમેનીન જન્નતમાં આ આલીશાન મકાનોંના માલિક થાશે. ત્યાં હમેશા હમેશા રહેશે કે જ્યાંથી "રીહે તૈયેબહ" વહેતી હશે. આ તે ખુશ્બૂદાર હવા છે જેનાથી હર જન્નતીને સાઁસ લેવાનો શૌક થાય અને તેની લતીફ ખુશ્બૂથી દિલ મુઅત્તર થાય. અલ્લાહની ઈનાયતોની ખુશીના મારે મુમેનીન એકબીજા પર તહીયતો સલામ પઢતા હશે. ખુશમિઝાજી અને ઉમ્દા ગુફતગૂથી એકબીજાથી ઈઝઝત બખશતા હશે.

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**ઝિંદગીને કામિલ તૌરથી ખુશ્નૂદીએ ખુદાવંદીમાં ગુઝારનાર શખ્સ ઈબાદતના રૂએ સેહતમંદ છે.**

# ઈસ્લામીક યોગા અને સાઈબર સેફ્ટી

તા. ૧૩ અને ૨૦ ઓગસ્ટ ૨૦૧૭, રવિવારે, તદબીર ફાઉન્ડેશન તરફથી બે પ્રોગ્રામ તરતીબ આપવામાં આવા હતા. પહેલો સેમીનાર "સાયબર સેફ્ટી" નો હતો, જે ઝેનીથ સ્કૂલમાં રાખવામાં આવો હતો. ઘણા બચ્ચાઓએ આ પ્રોગ્રામમાં હિસ્સો લઈ ઈન્ટરનેટના ઝરીએ થાતા ફાયદા અને ગૈર-ફાયદાની માઅલૂમાત હાસિલ કીધી હતી. જે વક્તથી લોગોના હાથમાં યા એમ કહો કે, જવાનોના હાથમાં સ્માર્ટ ફોન આવા છે તે વક્તથી હર કોઈ અલગ-અલગ તરીકાથી ઈન્ટરનેટનો ઈસ્તેમાલ કરે છે, તેના બગૈર આજે કોઈને ચાલતું નથી. આ માહૌલમાં પોતાના ડાટાની સલામતી, બેંક એકાઉન્ટસ, બીજી લેવડ-દેવડની માહિતી, ફોટો, વિડીયો, કમેન્ટસ, સોશીયલ મીડીયા વગૈરહ બરાબર સચવાયેલા રહે અને તેમાં કોઈની દખલઅંદાઝી, સતામણી, ચોરી કે દગાબાઝીની ગુંજાઈશ ના રહે, તે વાસ્તે માઅલૂમાત આપવામાં આવી હતી. જાણા-અંજાણામાં લોગો શું-શું ભુલ કરે છે અને કઈ કઈ તકેદારી ઈન્ટરનેટ વાપરતા રાખવી જોઈએ, તેની પૂરી સમઝ આ સેમીનારમાં આપવામાં આવી.

બીજો પ્રોગ્રામ ઈસ્લામીક યોગા પર હતો, જેમાં મુમેનાત તૈયાબી હોલ, આજવા રોડ પર જમાઅ થયા હતા. ઝિયાદહથી ઝિયાદહ લોગો આજે હેલ્થ કોન્શીયસ અને ડાયટ કોન્શીયસ થઈ ગયા છે. કોઈ તરહની એકટીવિટી બગૈર, હાથ-પગની વરઝિશ બગૈર, બદન ઝરૂરત કરતા વધારે ફુલી રહ્યું છે અને સાથે સાથે નવી-નવી બીમારીઓએ પણ સર ઊંચું કીધું છે. યોગ કે જેના આસનો અને તરતીબ સદીઓથી ચાલતી આવેલી છે અને તે કઈ હદ તક મન-બદનમાં તાલમેલ બનાવી રાખવામાં મદદ પણ કરે છે, તેના આસનો અને નુસ્ખાઓ આ પ્રોગ્રામમાં બતાવવામાં આવા. બૈરોને લગતી બીમારીઓ તરફ ખાસ તવજ્જોહ આપવામાં આવો. મુમેનહ પર પહેલા વાજિબ એ છે કે, જેટલી થઈ શકે તેટલી એ વાતની કોશિશ કરે કે એ ફજરમાં ઊઠીને નમાઝ પઢે, દોઆ કરે પછી યોગ કરે. યોગને નમાઝ બાદ દોઆનો એક હિસ્સો બનાવી લે. ઈમાન જો સેહતમંદ હશે તો બદનમાં સેહત ખુદ-બ-ખુદ આવશે. મુસ્તકબિલમાં યોગાને મુતઅલ્લિક બીજા સેશન આપવામાં આવશે. વેબસાઈટ : **www.tadbeerngo.org** ✯

---

(પેજ નં. ૧૧ નું બાકી)

હક્કની દાઅવતના મુમેનીન તે જ છે કે, જે દીને કામિલના હક્કને અદા કરે અને હદની માઅરેફત કરે. જેમ હરએક ચીઝના કાનૂન, કાયદા અને ઊસૂલ હોય છે, તેમ દાઅવતે અલવીયહ હુસૈનીયહના આ મુબારક હરમના હુકૂક-હુદૂદ હોય છે. જે શખ્સ આ હુકૂક-હુદૂદને કોઈ શક-શુબેહ બગૈર કુબૂલ કરે તેને વાસ્તે, કુરઆને કરીમની સનદથી કહી શકાય કે, તેએ "**હયાતે તૈયેબહ**" - પાકીઝા ઝિંદગી ગુઝારી. આ પાકીઝા ઝિંદગી બસર કરવાને વાસ્તે અલ્લાહતઆલા તેને એક "**બદલતે તૈયેબહ**" માં વસાવે છે. આ બદલતે તૈયેબહ તે પાકો સાફ શહેરને કહેવાય કે જેમાં વસનાર એવા હોય કે, પોતાના હક્કને તો જાણે પણ બીજાના હક્ક શું છે તેનો પહેલા ખયાલ રાખે.

આ બદલતે તૈયેબહ તે શરીઅતે મોહંમદીયહ છે. એક કોઈ મુનઝઝમ, સાફ-સુથરૂં, આલી સિફતનું, હસીન નઝારાનું શહેર હોય કે જેમાં દાખિલ થાનાર કોઈ વક્ત ગુમ્રાહ ન થાય. તેને હર ગલી, રસ્તો, કૂચો અને મકાન બરાબર તેની માઅલૂમાત મુજબ મિલી આવે. તેમાં વસનારા સુકૂન સાથે રહેતા હોય. હર તરફ બલંદી અને તરક્કીના આસાર નઝર પડતા હોય. એવા શહેરમાં જાવાનું કોને પસંદ ન આવે! આ છે શરીઅતની મિસાલ. જેને શહેરની હર માઅલૂમાત હોય અને તે શહેરના સુલતાનને પણ જાણતો હોય, તો તે સુલતાનના કારગુઝારોથી તેના શહેરમાં કામકાજનો ખાકો લઈને શહેરમાં ખુશી, ખુર્રીમી અને સુકૂન સાથે રહી શકે છે. **જો આમ થાય તો આ શરીઅત રૂપી શહેર તેના વાસ્તે જન્નત મુજબ બની શકે છે.**

અલ્લાહતઆલાએ આ આઠેઆઠ તૈયેબહ ચીઝોની નેઅમત હમેં તૈયેબીન-તાહેરીન મુમેનીન વાસ્તે મુહય્યા કીધેલી છે. આ ચીઝોની ઝિક્ર જો હમને એક સાથે - એક જુમ્લામાં કરવી હોય તો તે આ તરહ કરી શકાય છે. "પાકીઝા ઝિંદગી (હયાતે તૈયેબહ) ગુઝારવી હોય તો પાકીઝા શહેરમાં (બલદતે તૈયેબહ) પાકીઝા ઘરોમાં (મસાકિને તૈયેબહ) રહો. તેના આંગણમાં પાકીઝા દરખ્ત ઉગેલું હોય (શજરતે તૈયેબહ) જેમાંથી પાકીઝા હવા (રીહે તૈયેબહ) આવતી હોય. આ તરહની રિહાઈશના સબબ તમારા કલામ

(બકીયાહ પેજ નં. ૧૩ પર)

**ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની નૂરાની હસ્તીમાં શામિલ થાવાની ઉમ્મીદ રાખનાર શખ્સ રૂહના રૂએ સેહતમંદ છે.**

## કરતા હે હરએક કતરા શબ્બીર તેરા માતમ

### નૌહા

કરના તેરા લાઝિમ હે શબ્બીર સદા માતમ,
કરતેં હૈં મલક ઔર જિન્ન હર સુબ્હો મસા માતમ,
ક્યા ખુશ્કો તરી હર જા બરપા હે તેરા માતમ,
ખુદ અર્શે ઊલા પર ભી કરતા હે ખુદા માતમ.

મઝલૂમ પે ઝાલિમ કો કુછ રહેમ નહીં આયા,
પરદેસ મેં સૈયેદ પે હે ઝુલ્મો સિતમ ઢાયા,
એક ઘૂંટ ન પાની કી મહેમાન કો પિલાયા,
કરતા હે હરએક કતરા શબ્બીર તેરા માતમ.

બેશીર અલી અસ્ગર શશમાહી જો બચ્ચા થા,
પાની ન દિયા ઉસકો ઔર તીરે સિતમ ખાયા,
માઅસૂમ કે લાશે કો શબ્બીર ને દફનાયા,
માઅસૂમ કા કરતા હે હર છોટા બડા માતમ.

અઠારા સાલ કા એક શબ્બીર કા જો દિલબર,
બાનૂ કા જિગરપારા યાઅની કે અલી અકબર,
દુશ્મનને લગાયા થા એક ભાલા જો સીને પર,
દુશ્મન કા વો ભાલા ભી ખુદ કરને લગા માતમ.

મશ્કીઝા સકીના કી અબ્બાસને જબ ભર લી,
આઅદા ને લગાએ તીર દો બાઝૂ હુએ ઝખ્મી,
સબ બેહ ગયા પાની જાઁ મૌલા પે ફિદા કર દી,
વો નેહરે ફુરાત ને ભી ગાઝી પે કિયા માતમ.

સજદે મેં થા શેહ કા સર ઔર હલ્ક પે થા ખંજર,
ઉમ્મત કે લીયે ઉસ દમ થી શેહ કે દોઆ લબ પર,
હે આજ ઝમાને મેં ગમ શાહ કા હે ઘર ઘર,
મઝલૂમ કા મકતલ મેં ખૈમે મેં હુવા માતમ.

હાતિમ ઝકીં કરતેં હૈં શબ્બીર કા યે માતમ,
મઝલૂમી પે રોતા હે મૌલા કી તમામ આલમ,
અય રાગિબ ન ભુલેગા તા હશ્ર કોઈ યે ગમ,
કરતી હે શહીદોં કા આજ કરબો બલા માતમ. ✩

## “ હુસૈન ”

હુસૈન તુઝકો ન ગુસ્લો કફન કિસીને દિયા,
હુસૈન તુઝકો દફન તક ન ઉફ કિસીને કિયા,
હુસૈન પાની કા એક ઘૂંટ તક ન તુંને પિયા,
હુસૈન શિમ્ર ને ખંજર સે સર કો કાટ લિયા,
હુસૈન સર તેરા ગો નોક પે સિના કી ચઢા,
મગર વો બેહરે હિદાયત કુરઆન પઢતા રહા.

હુસૈન ભુકોં કો ખાના હે તુંને ખિલવાયા,
હુસૈન પ્યાસોં કો પાની હે તુંને પિલવાયા,
હુસૈન જિસને જો માંગા વો ઉસકો દિલવાયા,
હુસૈન બેઘરોં કા ઘર હે તુંને બનવાયા,
મગર વો તેરા તો દિલબર સિનાઁ કી ખાકે અની,
તેરે હી સામને ગુઝરા તડપ કે બિન પાની.

હુસૈન તેરી દોઆ સે તો દિલ કા ગુંચા ખિલા,
હુસૈન તેરી દોઆ સે ચિરાગ ઘર કા જલા,
હુસૈન તેરી દોઆ સે તો ઝૂલતા હે ઝુલા,
હુસૈન તેરી દોઆ સે હરએક ઉકદા ખુલા,
મગર જો તેરા થા એક શીરખ્વાર તિફલે સગીર,
હુવા હે ખુલ્દ કો રાહી વો ખાકે હલ્ક પે તીર.

હુસૈન હી ને તો બેઘર કો ભી દિયા હે ઘર,
હુસૈન હી ને તો બેઝર કો ભી દિયા હે ઝર,
હુસૈન હી ને તો બેપર કો ભી દિયા હે પર,
હુસૈન હી ને તો બેબસ કો ભી દિયા હે દર,
ઉન્હી હુસૈન કો રાગિબ અદૂ ને લૂંટ લિયા,
જલા કે ખૈમએ અત્હર હરમ કો કૈદ કિયા. ✩

(પેજ નં. ૧૨ નું બાકી)

(કલેમતે તૈયેબહ) અને તમારી ઝુર્રીયત (ઝુર્રીયતે તૈયેબહ) પાકીઝા થાય અને તમેં ઘરવાલા એકબીજાને ઉપર મુબારક તહીયતો સલામ (તહીયતે તૈયેબહ) પઢો અને ખુશ રહો. ✩

**અકલથી ખ્વાહેશાતને મારનાર શખ્સ ઈમાનના રૂએ સેહતમંદ છે.**

# અલવી બોહરા ટ્રેડીશનલ રેસીપીઝ

રજબ-શાઅબાન મહીનાના મિશ્કાતુલ હાદીના અંકમાં ઈઝહાર કરવામાં આવું હતું કે, અપની જમઅતની રિવાયતી, જૂની, ઘરઘઠ્ઠું વાનગીઓ જે અપના બુઝુર્ગો એક ઝમાનામાં બનાવતા હતા અને અપને તેને શૌકથી જમતા હતા, તે આજે ફાસ્ટ ફૂડના વક્તમાં ભુલાઈ ગઈ છે. આ લઝઝતદાર અને પોષ્ટીક વાનગીઓમાં પાછી જાન ફૂંકીને તેને શાદીશુદા જવાન દીકરીઓમાં મશ્હૂર કરવા અને અપના મુમેનાત આ અપની જૂની પણ જાનદાર વાનગીઓને પોતાના કિચનમાં પાછા આઝમાવે તે વાસ્તે રજબથી જ અત્તૈતયેબાત અંજુમને **YouTube** પર અપની મખ્સૂસ **Alavi Bohra Recipes at-Taiyebaat** ની શુરૂઆત કરી દીધી છે. હમણા તક ૨૦ જેટલી અપની અલવી બોહરા ટ્રેડીશનલ રેસીપીઝના વિડીયો મુકાય ચુકા છે. જે વક્ત કોઈ નવી વાનગીનો વિડીયો અપલોડ કરવામાં આવે છે તો જે મુમેનાત આ ચેનલના મેમ્બર છે યાઅની જેએ **Subscribe** કીધું છે તેને **Message** આવી જાય છે. મુમેનાત ઘણા શૌકથી આ વિડીયોઝ જોઈ છે અને આ અપની જૂની ખાસ વાનગીઓની માઅલૂમાત હાસિલ કરીને પોતાના કીચનમાં બનાવે છે અને તેને ઘરના મેમ્બરો ખૂબ જ સરાહે છે.

મુમેનાત અને જવાન દીકરીઓ તરફથી જે તઅસ્સુરાત મિલેલા છે તે આ છે :

- આ વાનગીઓ વાસ્તે હવે હમને હમારા માઁને ફોન કરીને પૂછવું નથી પડતું કે કઈ ચીઝ પહેલા થાય અને કઈ પછી.
- બેઝીક ચીઝ કોઈ વાનગીની ખબર હોય તો તેમાં મોડીફીકેશન પણ કરી શકીએ છીએ.
- પૂછા બાદ આ વાનગી બનાવા બાદ પણ કોઈ ચીઝ ભુલી ગયા હોય તો વિડીયો જોઈને તેને સહી કરી શકાય છે.
- આ વાનગીઓ જાણીને એમ લાગે છે કે, હમારા બુઝુર્ગોએ હમારા વાસ્તે કેટલું **Balanced Diet** બનાવેલું છે.
- હમેં **India** માં રહેતા નથી કે માઁને ત્યાં જઈને નવી વાનગી શીખી શકીએ. **Abroad** માં રહેતી હમારા જેવી દીકરીઓ વાસ્તે તો આ ખુબ જ સારી કોશિશ છે.
- હમને એવું લાગે છે કે, વાનગીઓની પસંદગી અને તેમાં વપરાતી ચીઝોની જમાવટ જે હમારી કૌમમાં છે તે શાયદ જ કોઈ બીજા સમાજમાં હશે.
- જે દીકરીઓની હવે શાદી થાવાની છે તેના વાસ્તે તો આ સોનું છે. તેને કોઈને પૂછવાની ઝરૂરત નથી.

વાનગીઓના વિડીયોમાં અપની ઝબાનમાં તેને બનાવવાની રીત **Step-by-Step** પૂરી સમઝ સાથે બતાવવામાં આવે છે. વાનગીની રીત પૂરી થયા પછી તેની પોષ્ટીકતા અને ખુસૂસીયત બતાવવામાં આવે છે. જેના સાથે **English** માં વાનગી બનાવવાની પૂરી રીત એક સાથે આખિરમાં **Display** કરવામાં આવે છે. આ ચેનલ પર જે જે વાનગીઓ ના વિડીયોઝ મિલી શકે છે તે આ મુજબ છે :

૧) સોદન્નું, ૨) કલમરો, ૩) સુરકો, ૪) કાચી કેરીની કચુમર, ૫) ભુરૂત, ૬) ગાજરની કચુમર, ૭) કેલાની કચુમર, ૮) ફાલસાનો ઈચાર, ૯)કેરીનું પીનું, ૧૦) ટોમેટો સોસ ચીકન, ૧૧) ખારો ગોશ્ત, ૧૨) શીર ખુરમો. ૧૩) મીઠી ગંજી, ૧૪) પત્તરવેલ ભજીયા, ૧૫) મલીદો, ૧૬) કીમા કબાબ, ૧૭) ગોશ્ત પત્તરવેલીયા, ૧૮) ગ્રીન ચટણી ચાંપ, ૧૯) લંકાધાન - માવાના સમોસા, ૨૦) ગુર્દા-કલેજી

- યૂટયૂબ ચેનલ : **Alavi Bohra Recipes at-Taiyebaat**
- ઈમેલ : **at.taiyebaat@gmail.com**
- વેબસાઈટ : **www.at-taiyebaat.in** અને
  **www.alavibohra.org/at-taiyebaat recipes videos 7-1438.htm** ✩

**જે વક્ત ઈન્સાન ગુઝરી જાય છે તો તેના અમલ મૌકૂફ (બંધ) થઈ જાય મગર ત્રણ અમલ ની જઝા એના સાથે રહે છે :-**
**(૧) એની ઝિંદગીમાં કીધેલો સદકો**
**(૨) એં એના ઈલ્મની લોગોને તાઅલીમ આપી હોય પછી એ લોગોએ તેનાથી નફો હાસિલ કીધો.**
**(૩) નૈક અહલો અયાલ જેઓ એની મગફેરતની દોઆ કરે.**

**જે ચીઝ જે જગા પરથી આવેલી છે, તેને તે જ જગા પર પાછું જાવાનું છે, આ હકીકતને સમઝનાર શખ્સ નફ્સના રૂએ સેહતમંદ છે.**

## સલામ

શહીદે કરબલા કી યાદ મેં આંસુ બહા દેના,
બચ્ચોં કરબો બલા કા સુનકે ખૂં પાની બના દેના.
અલીઅકબર સે કહેતી બાનૂ એય બેટા ન તુમ જાઓ,
ફૂલાફલા ચમન મેરા ન તુમ ઉજડા બના દેના.
દોઆ દેના મુઝે હર આઁ કહા અકબરને અમ્મા સે,
મેરી જો લાશ આએ તો કલેજે સે લગા દેના.
હુસૈન ઈબ્ને અલી કે રાઝ કી બાતેં ખુદા જાને,
ભરા ઘર કરબલા મેં આન કે અપના લુટા દેના.
અલીઅકબર કો દે દેના અલીઅસ્ગર કો દે દેના,
લેવજહિલ્લાહ ખુદા કી રાહ મેં સર કો કટા દેના.
અઝાદારોં કો કહેતી ફાતેમા ઝહેરા હે રો રો કર,
મેરે બેટે કે ગમ મેં દો દો આંસુ કો બહા દેના.
શફાઅત મૈં કરૂંગી હશ્ર મેં તુમકો બચાઉંગી,
ન તુમ કરબો બલા કી ઝિક્ર કો દિલ સે ભુલા દેના.
તુમ્હારે વાસ્તે સર દે દિયા હે મેરે બેટે ને,
થા ચાહા લાલ ને સર દે કે ઉમ્મત કો બચા દેના.
કહા ઝયનબ સે સરવર ને અય બહેના રન મેં જાતા હું,
મેરી બાલી સકીના કો તમાંચોં સે બચા દેના.
રહેમ આ જાએ ઈન બેરહેમોં કો બચ્ચોં પે અય બહેના,
તો પાની સબસે પહેલે તુમ સકીના કો પિલા દેના.
રિદાએં છીન લે સર સે તુમ્હારી આન કે કૂફી,
તો બાલોં સે તુમ્હારે મૂઁહ કો તુમ અપના છુપા દેના.
ઈમામે આબિદે બીમાર પર ગમ હે કેયામત હે,
ઉસે કૈદી બનાલે તો દિલાસા તુમ દિલા દેના.
તુમ્હેં કૂફે કો ચલના હે બિરહનાપા મેરી પ્યારી,
ન ઉમ્મત કો નબી કી મેરી બહેના બદ્દોઆ દેના.
કરમ ફરમાઁ હો આકા ભેજ દો અબ્બાસે ગાઝી કો,
તુમ્હારે ઝાકિરે અદના કો અબ દર પર બુલા દેના. ✫

## તિજારત


**Unique Collection**
**(All Electronic & LED Products)**
LED T5 Tube Lights / T5 Tube Lights
LED Bulbs / LED Panel Lights
Light/Fan On/Off with Remote Control
Switches Accessories / CFL Lights
Emergency Lights / Emergency Solar Lights
Bluetooth Speakers / Water Fountain Speakers
Extension Boards and other electronic products
Contact :
**Umallawala Mohammadhusain**
Shop No.2, Sai Arpan Complex,
Next to Alpana Talkies, Pratapnagar Road,
Vadodara. **M.: 9998769628**

**યા અલી મદદ**
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**

**સ્ટાર લાઈટ ટ્રેડર્સ**
**અમારે ત્યાં દરેક પ્રકારની ડીસ્પોઝેબલ આઇટમો, બર્થડે ડેકોરેશન, સ્ટેશનરી, એલ્યુમીનીયમ ફોઇલ, એલ્યુમીનીયમ તથા પ્લાસ્ટીક કન્ટેનર, દોરા, પ્લાસ્ટીક સુતળી, કેરી બેગ્સ, PP થેલીઓ દરેક સાઇઝમાં વ્યાજબી ભાવે છુટક તથા હોલસેલમાં મળશે.**
દુકાન નં. ૨, માતૃછાયા બિલ્ડીંગ, બરાનપુરા રોડ, ચોખંડી ચાર રસ્તા, વડોદરા.
**હુસેનીભાઇ કિલીપવાલા - મો.: ૯૯૦૪૧૭૪૫૮૫**


**" જે કોઈ મારા હુસૈનના ગમમાં રોશે, રોવડાવશે કે રોવા જેવું મૂઁહ કરશે તો એ જન્નતનો હક્કદાર છે. "**

## મુલાહેઝહ : મિશ્કાતુલ હાદીનું લવાઝમ

હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની બાબરકત દોઆઓ અને આપ મૌલાની હિદાયતના સબબ **આ સાલ ૧૪૩૯ હિ. માં મિશ્કાતુલ હાદી ૧૪ સાલ પૂરા કરીને ૧૫ માં સાલમાં દાખિલ થઈ રહ્યું છે.** મુમેનીન-મુમેનાત હર તબકાના લોગો બચ્ચાં-જવાનો-બુઝુર્ગો આ ઈલ્મી-અમલી પાકીઝા નહેરના પાનીથી હર તરહનો ફાયદો લઈ પોતાની ઈલ્મી-દીની તિશ્નગી બુઝાવી રહ્યા છે.

આ શહરૂલ્લાહમાં ઘણા મુમેનીને વાજેબાત સાથે મિશ્કાતુલ હાદીનું લવાઝમ અદા કરી દીધું છે. જે મુમેનીન બાકી હોય તે મોહર્રમ બાદ દેવડી મુબારક પર આવીને અદા કરી લે. જે મુમેનીનના ઘર પર કોઈ સબબ સર આ અખ્બારની કોપી ના આવતી હોય તે દેવડી મુબારક પરથી હાસિલ કરી શકે છે. મિશ્કાતુલ હાદી અપની વેબસાઈટ પર પણ મૌજૂદ છે, ઝરૂરત પડે તો મુમેનીન તેનું પ્રિન્ટઆઉટ કાઢી ફુરસતના વક્ત વાંચી શકે છે યા ફાઈલ કરી શકે છે.

**ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦ (મુલ્લા ઈબ્રાહીમભાઈ)** ✯

**નેક કી કદ્ર ઝમાને મેં નહીં હોતી હે,**
**પંજગાના ભી જો સજદે મેં જિબીં હોતી હે,**
**બેવફા દુનિયા હે ઝાકિર ન કરેગી યે વફા,**
**દિન કો ગર રાત કહે કદ્ર વહીં હોતી હે.**

------

**ખુશ રહેં મજલિસે સરવર કે રચાનેવાલે,**
**ખુલ્દ મેં જાયેંગે આંસુ કે બહાનેવાલે,**
**ગમ શહે દીં કા કરો હશ્ર કી પરવા ન કરો,**
**ખુદ ચલે આએંગે દૌઝખ સે બચાનેવાલે.**

## ગમે હુસૈન (અ.સ.)

ઝિક્રે ગમે હુસૈન મેં રોના ઝરૂર હે,
માતમ મેં હાઁ યે જાન કો ખોના ઝરૂર હે,
ગાફિલ ન ઝોકે ખા યે હે મજલિસ હુસૈન કી,
આખિર કો કબ્ર મેં તુઝે સોના ઝરૂર હે.

----

જન્નત કી હે તલબ તો મજલિસ મેં આકે બૈઠ,
રબ કી ખુશી હે પાની તો આંસુ બહા કે બૈઠ,
રોતા નહીં હુસૈન કે ગમ મેં તો હૈફ હે,
કરબો બલા કે નકશે કો દિલ પે જમા કે બૈઠ.

----

સવારી હુર કી જબ શબ્બીર કે સરકાર સે નિકલી,
અલી કે લાડલે કે ખુલ્દ કે દરબાર સે નિકલી,
ખતા કી મુઆફ આકા ને દિયા જો તોહફા જન્નત કા,
વફાદારી કી બુએં ઉનકે હર કિરદાર સે નિકલી.✯

**નોંધ : મિશ્કાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.